**Death Anxiety, Stress and Social Adjustment of HIV Distressed Patients in relation to their Gender, Education and Marital Status**

Ph.D. Scholar - Satish Saxena

Guide – Dr. Ashok N. Prajapati

Year 2022

## Abstract

વર્તમાન સમયમા એવી ઘણી બિમારીઓ છે જે જીવલેણ છે. જેનો ઉપચાર ત્વરિત શક્ય નથી કે જડમૂળથી તેનો ઉપચાર કરવો અશક્ય બને છે. જેમા કેંસર, HIV-AIDS જેવા રોગો જોવા મળે છે. અહિ સામાજિક દ્રષ્ટિએ જોઇએ તો HIV-AIDS જેવી બિમારીઓમા અસ્પૃશ્યતા જોવા મળે છે. આ ઉપરાંત સમાજમા HIV-AIDS વિશેની પુરતી જાગૃતતા ન હોવાથી ઘણીવખત વ્યક્તિઓ ભોગ બને છે. આથી આવી વ્યક્તિઓની ચિંતા, તણાવ અને સામાજિક સમાયોજન પર પ્રસ્તુત સંશોધન હાથ ધરવામા આવ્યુ હતુ. આમ, પ્રસ્તુત અભ્યાસમા પ્રવર્તમાન સમયને ધ્યાનમા રાખીને જાતિ, શિક્ષણ અને વૈવાહિક દરજ્જાના સંદર્ભમા HIVગ્રસ્ત દર્દીઓની મૃત્યુચિંતા, તણાવ અને સામાજિક સમાયોજનનો અભ્યાસ કરવામ આવ્યો છે. જેમાં નિદર્શ તરીકે બિનસંભાવના નિદર્શનની સહેતુક પદ્ધતિ દ્બારા કુલ 640નો નિદર્શ લેવામા આવ્યો હતો. જેમા 2x2x2 ફેક્ટોરીયલ યોજનાનો પ્રયોગ કરવામાં આવ્યો હતો. પ્રસ્તુત સંશોધનમાં માહિતીના એકત્રીકરણ માટે ‘વ્યક્તિગત માહિતીપત્રક’, ‘મૃત્યુ ચિંતા કસોટી, ‘તણાવનની કસોટી, અને ‘સામાજિક સમાયજન કસોટી’નો ઉપયોગ કરવામાં આવ્યો છે. આંકડાશાસ્ત્રીય પૃથક્કરણ માટે F – test અને ‘r’ – સહસંબંધ નો ઉપયોગ કરવામાં આવ્યો છે. પ્રસ્તુત સંશોધનનું પરિણામ જોતા કહી શકાય છે કે જાતિ, શિક્ષણ અને વૈવાહિક દરજ્જાના સંદર્ભમા HIV દર્દીઓની મૃત્યુ ચિંતામા કોઇ સાર્થક તફાવત જોવા મળતો નથી. શિક્ષણના સંદર્ભમા HIV દર્દીઓના તણાવમા સાર્થક તફાવત જોવા મળે છે. જાતિ, શિક્ષણ અને વૈવાહિક દરજ્જાના સંદર્ભમા HIV દર્દીઓના સમાજિક સમાયોજનમા સાર્થક તફાવત જોવા મળે છે. આ ઉપરાંત HIV દર્દીઓની મૃત્યુચિંતા, તણાવ અને સમાજિક સમાયોજન વચ્ચે પણ પરસ્પર સબંધ રહેલો છે.